# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
# ગુજરાતી વિભાગ અને
# ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે

## રાષ્ટ્રીય પરિસંવાદ
## ચંદ્રકાન્ત શેઠ : વ્યક્તિત્વ અને કર્તૃત્વ

**॥ તારીખ ॥**
૦૩ ફેબ્રુઆરી ૨૦૨૫, સોમવાર

**॥ સમય ॥**
સવારે ૯ : ૦૦ થી સાંજના ૬ : ૦૦

**॥ સ્થળ ॥**
ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ,
નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯

### ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠ



૩ ફેબ્રુઆરી ૧૯૩૮
૨ ઓગસ્ટ ૨૦૨૪

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠનો જન્મ પંચમહાલ જિલ્લાના કાલોલમાં થયો હતો. એમના સર્જક તરીકેના ઉપનામો નંદ સામવેદી, આર્યપુત્ર, બાલચંદ્ર, દક્ષ પ્રજાપતિ છે. ગુજરાતી સાહિત્યમાં એમણે કવિ, નિબંધકાર, વાર્તાકાર, કોશકાર, વિવેચક, સંપાદક, અનુવાદક, હાસ્યકાર, ચરિત્રકાર અને કેળવણીકાર તરીકે કાર્ય કર્યું છે. એમનું મૂળ વતના ઠાસરા, જિલ્લો ખેડા છે.

ચંદ્રકાન્ન શેઠના શિક્ષણમાં ૧૯૬૧માં ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ. ત્યારબાદ ૧૯૬૩થી ૧૯૬૬ સુધી વિવિધ કોલેજોમાં અધ્યાપન કાર્ય કરેલ હતું. ૧૯૭૨થી ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક તરીકે અને ૧૯૯૮માં વિભાગીય અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. વિશેષમાં તેમણે ૧૯૭૯માં ‘ઉમાશંકર જોશી : સર્જક અને વિવેચક’ વિષય પર વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.)ની પદવી પ્રાપ્ત કરી હતી.

ઈ.સ. ૧૯૮૦-૮૨ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યકોશના સહસંપાદક તથા ૧૯૮૨-૮૪માં માનાર્હ સંપાદક તરીકે કાર્ય કરેલ છે. ગુજરાતી સાહિત્ય પરિષદનાં સામયિકો ‘ભાષાવિમર્શ’ (૧૯૮૪-૮૫) તથા ‘પરબ’ (૧૯૮૮-૮૯)નું સંપાદન પણ કરેલ છે. ઈ.સ. ૧૯૯૮થી ૨૦૨૨ સુધી ‘ગુજરાતી વિશ્વકોશ’ના વિભાગીય સંપાદક, બાળવિશ્વકોશના સંપાદક તરીકેની એમની પ્રશંસનીય કામગીરી રહી છે.

### ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ઈ.સ.૧૯૨૦માં મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદની સ્થાપના થઈ ત્યારથી માતૃભાષામાં કેળવણી આપવાની પરંપરા રહી છે. તે પછી આઝાદીની વિવિધ અહિંસક ચળવળોને કારણે વિદ્યાપીઠમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પડતો રહ્યો હતો. તેના પર અંગ્રેજ સરકાર દ્વારા પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા. આઝાદી બાદ વિદ્યાપીઠમાં નવા કાર્યનો યુગ શરૂ થયો. તા.૨૮-૦૬-૧૯૪૭ થી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું.

ઈ.સ.૧૯૬૩ માં ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગની શરૂઆત થઈ ત્યારથી લઈને ઈ.સ.૧૯૬૫ સુધી સ્નાતક (સમાજવિદ્યા વિશારદ) અભ્યાસક્રમ ચાલ્યો. ત્યારબાદ ઈ.સ.૧૯૬૫ થી પારંગત (એમ.એ.) તથા પીએચ.ડી. (વિદ્યાવાચસ્પતિ)નો અભ્યાસ શરૂ થયો. ઈ.સ.૧૯૭૮ થી અનુપારંગત (એમ.ફિલ.)નો અભ્યાસ શરૂ થયો. ઈ.સ.૨૦૦૨માં વિભાગમાં એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ‘છંદશાસ્ત્ર’ શરૂ કરવામાં આવ્યો હતો.

અભ્યાસક્રમ ઉપરાંત અભ્યાસેતર પ્રવૃત્તિઓની સાથે સાથે વિચારસભા, ગ્રંથવિમર્શ, જોડણી સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, સમૂહસફાઈ, રાષ્ટ્રીય સેવા યોજનાની ગ્રામશિબિર તથા તેના જુદા જુદા કાર્યક્રમો, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધક્ષેત્રના તજજ્ઞો દ્વારા જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો તથા એમ.એ.કક્ષાએ લઘુ શોધનિબંધ કરાવવામાં આવે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની સંપૂર્ણ અમલવારી દ્વારા બી.એ. ગુજરાતીનો અભ્યાસક્રમ ચાલે છે.

**ચંદ્રકાન્ત શેઠ : વ્યક્તિત્વ અને કર્તૃત્વ એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં નીચેના વિષયો પૈકી કોઈ એક વિષય પર આપનું સંશોધન પેપર રજૂ કરી શકશો.**

૧. ચંદ્રકાન્ત શેઠનું જીવન અને સર્જન
૨. કવિ ચંદ્રકાન્ત શેઠ
૩. ગીતકાર ચંદ્રકાન્ત શેઠ
૪. વિવેચક ચંદ્રકાન્ત શેઠ
૫. નિબંધકાર ચંદ્રકાન્ત શેઠ
૬. અનુવાદક ચંદ્રકાન્ત શેઠ
૭. સંપાદક ચંદ્રકાન્ત શેઠ
૮. આધુનિક ગુજરાતી કવિતા અને ચંદ્રકાન્ત શેઠ
૯. ચંદ્રકાન્ત શેઠનું હાસ્યસાહિત્ય
૧૦. ચંદ્રકાન્ત શેઠની કોશ પ્રવૃત્તિ
૧૧. સામયિકના સંપાદક ચંદ્રકાન્ત શેઠ
૧૨. એકાંકીકાર ચંદ્રકાન્ત શેઠ
૧૩. સંશોધક ચંદ્રકાન્ત શેઠ

**રજિસ્ટ્રેશન ફી રૂબરૂ સ્વીકારવામાં આવશે. : અધ્યાપક : ૩૦૦ રૂ., વિદ્યાર્થી : ૧૦૦ રૂ.**
**રજિસ્ટ્રેશન કરાવવાની અને લેખ મોકલવાની છેલ્લી તારીખ : ૩૧ જાન્યુઆરી ૨૦૨૫**
**લેખ મોકલવા માટે ઈમેલ :** hodgujarati@gujaratvidyaplh.org
**નોંધણી માટેની લીંક :** https://forms.gle/UWTfNbjpqjK2jrARA
**સંપર્ક : ૯૪૨૬૭૬૬૦૧૩ — ૯૪૨૯૩૦૦૯૬૪**

## ॥ નિમંત્રક ॥

**ડૉ. સંજય મકવાણા**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ
ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા

**ડૉ. નિખિલ ભટ્ટ**
કુલસચિવશ્રી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ

**સમીર ભટ્ટ, ભિખેશ ભટ્ટ, સંધ્યા ભટ્ટ,**
**ભરત મહેતા, પરીક્ષિત જોશી, સેજલ શાહ,**
મંત્રીશ્રીઓ,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

## ॥ સહસંયોજક ॥

**ડૉ. બળદેવ મોરી — ડૉ. મહેશ જાદવ**

## ॥ વ્યવસ્થાપક ॥

**ડૉ. ધ્વનિલ પારેખ — ડૉ. કનુભાઈ વસાવા**

## ॥ આયોજન સમિતિ ॥

**ડૉ. ચીમન પટેલ, ડૉ. હર્ષદ પરમાર, ડૉ. નિસર્ગ આહીર, ડૉ. સતીષ પટેલ, ડૉ. ક્રિષ્ના સાંડપા**
**ડૉ. વિપુલ પુરોહિત, ડૉ. ભરત ઠાકોર, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. દીપક પટેલ, ડૉ. ભીખાભાઈ દેસાઈ**